જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૬/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૦/૧૫**

### એસ.ટી. બસમાં મુસાફરી કરી રહેલ આંગડીયા પેઢીના કર્મચારીઓની લૂંટ કરવા નિકળેલ ગેંગને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં આંગડીયા પેઢીઓના કર્મચારીઓને લુંટી લેવાના કિસ્સાઓ બનેલ હોય જેથી આવા ગુનાઓ શોધી કાઢવા સારુ મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ નાઓની સુચના આધારે શ્રી એમ.ડી.ચૌધરી, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એસ.ગેડમ તથા પોસઈશ્રી કોરોટ તેમજ પો.સ.ઈ. શ્રી ગોસ્વામી નાઓએ મળેલ ચોક્કસ બાતમી આધારે અંબાજી - અમદાવાદ એસ.ટી. બસમાં આવવા નિકળેલ આંગડીયા પેઢીના માણસોને લુંટવા સારું પોતાના કબ્જામાં તમંચો તથા છરી જેવા ઘાતક અને જીવલેણ હથિયારો સાથે રાખી બે સભ્યો એક પેશન મોટર સાયકલ ઉપર બેસી અને બીજા પાંચ સભ્યો એક મારુતી વાન નંબર : યુ.પી.૭૮ ડી.ઈ. ૫૩૦૮ માં બેસી નહેરુબ્રીજના રૂપાલી તરફના છેડે આંગડીયા કર્મચારીઓની વોચ કરી તેઓની પાસેના કિમતી સામાન તથા રોકડ રકમની લુંટ કરવાની પુર્વ તૈયારી સાથે નીકળેલ લુંટારૂ ગેંગને ઝડપી પાડેલ છે.

(૧) હરીઓમ રામલાલ ઠાકુર ઉ.વ. ૪૨ હાલ રહે. ગલી નં-૨ મીતનગર ઘર નં. ૨૪૦ સાદરા જુની દિલ્હી મુળવતન ગામ, સંડીલા બેગમગંજ થાણા સંડીલા તા.જી. દરહોઈ ઉત્તરપ્રદેશ

(૨) છોટેસીંગ રામેશ્વરી ચૌહાણ ઉ.વ. ૪૫ રહે. ગામ નયા મંદિર રતનપુર નુનિયાપુર્વા તા.જી. કાનપુર ઉત્તરપ્રદેશ થાણા પંખી

(૩) ધરમવીર કૃષ્ણઅવતારસીંગ ચૌહાણ ઉ.વ. ૩૫ રહે. હાલ આલમબાગ RDSO. ગુરુદ્વાર સુર્યનગર ૫૪૮/૪/૨૯૨ લખનૌ શહર ઉત્તરપ્રદેશ.

(૪) અમિતસીંઘ અનીલકુમાર સેન ઉ.વ. ૩૫ રહે. ૮/સી/૩૭૫ વૃંદાવન યોજના રાયબરેલી રોડ લખનૌ શહેર ઉત્તર પ્રદેશ મુળ વતન રાબીપુર તા.અકબરપુર જી. આંમોડકરનગર ઉત્તરપ્રદેશ

(૫) અરમાન ઉર્ફે રાજા સ/ઓ દિનઅલી સૈયદ ઉ.વ ૧૯ હાલ રહે સત્યાગલી સંજયપાર્ક બેરલમાર્કેટ પાસે દાણીલીમડા અમદાવાદ મુળ વતન ગામ-હાજી પુરનેરા તા.કરહલ જી.મેનપુરી ઉત્તરપ્રદેશ

(૬) સુરજ સુભાષચંદ્ર વિશ્વકર્મા ઉ.વ. ૩૩ રહે. એ/૪૧ સત્યમનગર રો હાઉસ શાહવાડી નારોલ અ’વાદ મુળ વતન ગામ- વિક્રમપુર તા.પલેપટ્ટી જી.બનારાસ ઉત્તરપ્રદેશ

(૭) પ્રવીણસીંગ હુકમસીંગ વાઘેલા ઉ.વ. ૩૦ રહે. ગામ જાલોઢા તા.દિઓદર જી.બનાસકાંઠા

- આરોપીઓના કબ્જામાંથી મળેલ મુદ્દામાલ (૧) દેશી હાથ બનાવટના તમંચા નંગ-૩ કિ.રુ. ૧૫૦૦૦/- (૨) જીવતા કારતુસ નંગ-૧૪ કિ.રુ.૧૪૦૦/- (૩) મારુતી વાન -૧ કિ.રૂ.૧,૦૦,૦૦૦/- (૪) પેશન મોટર સાયકલ -૧ કિ.રૂ.૪૦,૦૦૦/- (૫) છરો -૧ કિ.રૂ.૦૦/૦૦ (૬) મોબાઈલ ફોન નંગ- ૫ કિ.રૂ. ૫૦૦૦/- (૭) રોકડા રૂ.૮૦૦/- (૮) હેન્ડ ગ્લોવ્સ જોડી -૧ (૯) મીંણીયાની ખાલી થેલી નંગ-૨ મળી કુલ્લે રૂ.૧,૬૨,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે જ કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આમ ક્રાઈમ બ્રાન્ચને મળેલ બાતમી આધારે તથા આગવી સુઝબુઝને લીધે આંગડીયા પેઢીના કર્મચારીઓને બસમાંથી લુંટવાનો ઈરાદો ક્રાઈમ બ્રાન્ચે નાકામીયાબ બનાવેલ છે. આ આરોપીઓ વિરૂધ્ધ ડી.સી.બી. પો.સ્ટે. ખાતે ગુનો દાખલ કરવામાં આવેલ છે. જે આરોપીઓના ગુનાહીત ઇતિહાસ તેમજ આરોપીઓ પાસેથી મળી આવેલ હથીયાર બાબતે તેમજ બીજા ગુનાઓમાં સંડોવણી બાબતેની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવી રહેલ છે.

**<u>મારૂતી કંપનીની જ કાર ને લક્ષ્ય માં રાખી ચોરી કરતો મુળ રાજસ્થાન ના રિઢા વાહનચોર ભંવરદાસ વૈષ્ણવની ધરપકડ કરી કુલ-૪૫ થી વધુ વાહન ચોરીનો ભેદ ઉકેલી કુલ-ચોરી ના-૧૧ વાહનો રિકવર કરતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ગત વર્ષમાં જાન્યુઆરી થી લઇ અજ દિન સુધીમાં માત્ર મારૂતી કંપની ના જ ફોર વ્હીલર કુલ- ૧૨૦ થી વધુ કારો ચોરાયેલ હોય જે ચોરીના ગુન્હાઓ બનતા અટાકાવવા તથા શોધી કાઢવા સારૂ અમદાવાદ પોલીસ કમિશ્નર શિવાનંદ ઝા સાહેબ શ્રી ના ઓએ તથા ક્રાઇમ બ્રાન્ચ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ ક્રાઇમ બ્રાન્ચ અધિકારી શ્રીઓ ને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી તથા  મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ટ્રાફીક શાખા ના રાજદિપસિંહ ઝાલા ઓના માર્ગદશન અને સુપર વિઝન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોડ઼ ના પોલીસ ઇન્સ્પે. શ્રી જે.એમ.યાદવ સ્કોર્ડ ના પો.સ.ઇ. શ્રી જે.એન.ઝાલા અને એચ.પી.કરેણ અને પોલીસ સ્ટાફ સાથે નાઇટ પેટ્રોલીંગ દરમિયાન સાબરમતી વિસત સર્કલ પાસે બાતમી આધારે ભંવરદાસ સ/ઓ હરીદાસ જાતે વૈષ્ણવ રહે- કટલા બજાર, જોધપુર, રાજસ્થાન નાઓને મારૂતી કંપનીની વેગનાર કાર જી.જે.૧૮-એ.એચ.-૯૦૩૬ તથા ડુપ્લીકેટ મારૂતી અને હોંડા કંપનીની ચાવીઓ નંગ-૪ તથા રાજસ્થાન પાસીંગની આર.જે.-૦૪-સી.એ-૨૧૪૮ ની “મારૂતી અલ્ટ્રો” ની આર.સી. માસ્ટર કાર્ડ તથા રાજસ્થાન પાસીંગ ની આર.જે.-૨૭-યુ-એ-૩૬૫૨ ની “મારૂતી ઓમની” ની આર.સી.માસ્ટર કાર્ડ તથા “ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન બ્યુરો” ઓળખપત્ર સાથે મળી આવતા ભંવરદાસ હરીદાસ વૈષ્ણવ પર શંકા જતા કાયદેસરની કાર્યવાહી કરી આરોપી પાસેની મળી આવેલ વેગનાર કાર જે નારણપુરા વિસ્તાર ની ચોરી ની હોય જે ગુન્હામાં આરોપીને અટક માં લઇ વધુ તપાસ કરતા આરોપી નાઓ સને ૨૦૧૧ થી ગુજરાતના અમદાવાદ શહેર ના નારણપુરા, નવરંગપુરા, એલીસબ્રીજ અને ઘાટલોડીયા વિસ્તાર માં રાત ના ફક્ત મારૂતી કંપનીની કાર ને લક્ષ્યમાં લઇ ચોરી કરતો અને તે કાર રાજસ્થાન ખાતે જોધપુર ખાતે લઇ જઇ ત્યાં અકસ્માત થયેલ ડેમેજ કાર ખરીદી ચોરી કરેલ કાર ડેમેજ થયેલ કાર ચેસીસ અને એન્જીન નંબર ચઢાવી વેચાણ કરતો હતો. આ કામ માં તેની સાથે મુંબઇ – મીરા રોડ પર રહેતો ઇમરાન સંડોવાયેલ છે. જેની તપાસ હાલ ચાલુ છે. આ ભંવરદાસ વૈષ્ણવ નાઓએ અત્યાર સુધી ની તપાસમાં કુલ- પિસતાલીસ થી વધુ ચોરીની જગ્યાઓ બતાવેલ છે. અને આ તપાસ માં કુલ- ૧૧ મારૂતી કંપની ની ચોરી ની કાર રિકવર થવા પામેલ છે. હાલ તપાસ આરોપી રિમાન્ડ પર છે. અને વધુ ગુન્હાઓ નો ભેદ ઉકેલાય તેમ છે.

= આરોપીનો ગુનાહીત ઇતિહાસ =

આ આરોપી છેલ્લા વીસ વર્ષ થી ફોર વ્હીલર ચોરીની પ્રવુતિ સાથે સંકળાયેલ છે. અને મહારાષ્ટ ના મુંબઇ – પુના અને રાજસ્થાન માં જોધપુર ખાતે કુલ- ૩૦ ફોર વ્હીલ ચોરી માં પકડાયેલ છે. અને આરોપીએ ચોરીઓ ના ગુન્હાઓમાં પાંચ વર્ષ સુધી જેલ સજા કાપેલ છે.

- અમદાવાદ શહેર માંથી મારૂતી કંપની ની કાર ચોરવાનું કારણ –

આરોપી ભંવરદાસ વૈષ્ણવ પ્રથમ થી ટેક્સી ના ધંધા સાથે સંકળાયેલ છે. અને મહારાષ્ટ, રાજસ્થાન તથા ગુજરાત ના મહાનગરો ના રસ્તા અને વિસ્તાર થી પરીચીત છે. અને આરોપી મહારાષ્ટ અને રાજસ્થાન ખાતે વાહન ચોરી ના ગુન્હાઓ માં પકડાયેલ હોય. જયારે ગુજરાત માં કોઇ ગુનાહીત ભુતકાળ ધરાવતો ના હોય અને આરોપી અવાર નવાર રાજસ્થાન થી આદાવાદ ખાતે ટેક્સી ભાડેથી આવતો હોય પોતે અમદાવાદથી સંપુર્ણ પરીચીત હોય જેથી અમદાવાદ ને લક્ષ્યમાં રાખી વાહન ની ચોરીઓ કરતો હતો. મારૂતી કંપની કાર આસાની



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ચોરી કરી શકાય તેમ હોય અને મારૂતી કાર સસ્તી મળી રહેતા સામાન્ય માણસ પણ તે ખરીદે લેતા હોય, તેમજ હાલની બીજી કમ્પની ની ગાડીઓમા અલગ અલગ સેંસર આવતા હોય અને ચોરવામા જોખમ હોય તેમજ પકડાઇ જવાની બીક ને લઇ ને બીજી કાર ચોરી કરતો ન હતો.

## ઘરફોડ ચોરીના રીઢા ગુનેગારની સોના ચાંદીનાં દાગીનાનાં ઘરેણાં સાથે ધરપકડ કરી બે ઘરફોડ ચોરીના ગુના ડીટેક્ટ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રેન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી એ.કે.વડીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા નરોડા ઠક્કરનગર ચાર રસ્તા ભાગ્યોદય હોટલ પાસે આવતાં સાથેના હેડ કોન્સ.સવજીભાઇ નાગજીભાઇ તથા પો.કો.ગીરવતસિંહ જેઠુંસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે પરેશ ઉર્ફે ભોપો ઉર્ફે ઘેટીયો s/o ડુંગરભાઇ રાઠોડ ઉવ.૨૩ ધંધો: સેન્ટીંગ કામની મજુરી રહે, સંત રોહીદાસની ચાલી, બાબુ કચ્છીની ચાલી, રાજાવીર સોસાયટી, ઠક્કરનગર નરોડા, અમદાવાદ શહેર નાઓ મળી આવેલ. જે ઇસમની અંગઝડતી તપાસ કરતાં એક સોનાની વીંટી તથા સોનાનું મંગળસુત્ર તેમજ ચાંદીની એક જોડ પાયલ મળી આવેલ. જે બાબતે તેની પાસે બીલ માંગતા તેણે પોતાની પાસે નહી હોવાનું જણાવેલ. જેથી સદરહું ઇસમની વધુ પુછપરછ કરતાં જણાવેલ કે, આજથી પંદરેક દિવસ અગાઉ તે તથા તેના બીજા બે મિત્રોએ ભેગા મળી રાત્રીના ઠક્કરનગર વિસ્તારના મકાનમાંથી ચોરી કરેલ તેમજ આજથી બે ત્રણ દિવસ અગાઉ આ ત્રણેય જણાંએ ભેગા મળી નિકોલ રોડ સરદાર મોલ સામે આવેલ એક ચાલીમાંના એક મકાનમાંથી ચોરી કરેલાની હકીકત જણાવેલ. જેથી આ બાબતે તપાસ કરાવતાં (૧) નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૯૦/૧૫ ધી ઇપીકો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ તેમજ (૨) નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૯૧/૧૫ ધી ઇપીકો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબના ગુનાઓ નોંધાયેલાની હકીકત જણાયેલ. જેથી (૧) સોનાની વીંટી વજન ૨.૫૫૦ મીલીગ્રામ કિ.રૂ.૫,૫૦૦/- તથા (૨) એક સોનાનું મંગળસુત્ર પેન્ડલવાળું વજન ૧૩.૪૦૦ મીલીગ્રામ કિ.રૂ.૨૪,૨૦૦/- તથા (૩) ચાંદીની એક જોડ પાયલ વજન ૪૩ ગ્રામ કિ.રૂ.૧૧૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૩૦,૮૦૦/- નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરેલ અને આરોપીને આજરોજ તા.૧૦/૦૬/૧૫ ના કલાક ૧૫/૪૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામાં આવેલ. વધુ તપાસ અર્થે આરોપીઓ તથા કાગળો નરોડા પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)